| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૨૦/૧૨/૨૦૨૩ બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૩૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૧૩૯ લીટર દેશી દારૂ, ૧૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૦૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બિયર ટીન, ૩ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૭ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૬,૯૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૩૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત છેતરપિંડી :- સમાચાર યાદી નં.૨૦૩૯/૨૦૨૩

**ઘાટલોડીયાઃ** તેજસભાઇ અશ્વીનભાઈ વ્યાસ (ઉ.વ.૩૫)(રહે.શાયોના સીટી વિભાગ-૧ આર.સી. ટેકનીકલ રોડ ઘાટલોડીયા) એ તા.૧૯/૧૨/૨૦૨૩ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે મે/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા સોલા રોડ રઘુકુળ એપાર્મેન્ટ ખાતે તેજસભાઇના મકાનમાં ભાડેથી રહેનાર આરોપી રાકેશભાઈ પ્રહલાદભાઈ જોષી એ મકાનના ભાડાના તેમજ લાઇટબીલ અને ટેક્સબીલના મળી કુલ રૂપિયા ૧,૨૭,૩૮૦/- નહી ચુકવી તેજસભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.વણઝારા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૦/૨૦૨૩**

**બાપુનગરઃ** વિનુભાઈ જીવાભાઈ પંચાલ (ઉ.વ.૬૨)(રહે,શ્રીઓમ સોસાયટી રંજન હાઈસ્કુલની બાજુમાં બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૨/૨૦૨૩ રાતના ૮/૦૦ થી તા.૧૯/૧૨/૨૦૨૩ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન બાપુનગર ગોપાલનગરની બાજુમાં સાગર એસ્ટેટ ખાતે આવેલ "હરે ક્રુષ્ણ ઈન્ડ્રસ્ટ્રીઝ" નામના લેથ મશીનના કારખાનાની દુકાનનું શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી ડિગર મશીનની પુલી નંગ-૫૦ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- અને મોટરના રોટર નંગ-૪૫૦ કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.કે.રાજપુરોહિત ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૧/૨૦૨૩**

**નરોડાઃ** નરોડા રણાસણ ટોલ ટેક્સની બાજુમાં મુઠીયા ખાતે નવી બનતી "મુરલીધર ગ્લોરી" સાઇટ ખાતે કામ કરતા અને ત્યાં જ રહેતા વિજયપાલ નાથુભાઇ નનોમા(ડામોર) (ઉ.વ.૩૦) (મૂળ વતનઃ ગામઃ-રાજપુર તાલુકોઃ-સિમલવાડા રાજસ્થાન) તા.૧૨/૧૨/૨૦૨૩ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે "મુરલીધર ગ્લોરી" સાઇટના ચોથા માળની સીડી પરથી આકસ્મીક રીતે નીચે પડી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૧૨/૨૦૨૩ રાતના ૧૧/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કિરીટકુમાર વિઠ્ઠલદાસ ચલાવે છે.

**ગોમતીપુરઃ** મોહંમદસાહીલ સમીરઅહેમદ અંસારી (ઉ.વ.૨૫)(રહે.સુવા પંખીની ચાલી ગોમતીપુર) તા.૧૬/૧૨/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ગોમતીપુર ડાહી હલીમાની ચાલીના નાકે કોયલાની દુકાન ખાતે એસીડનો ડબ્બો લીકેજ થતા એસીડનો ધુમાડો શરીરમાં જતા શરીરે અસર થતા સારવાર અર્થે તેમને શારદાબેન હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૧૨/૨૦૨૩ ના કલાક ૧૧/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાજેશકુમાર પ્રભુદાસ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૪૨/૨૦૨૩**

**રામોલઃ** હિરેનભાઇ વિષ્ણુભાઇ પટેલ (ઉ.વ.૨૪)(રહે,સુરભી સોસાયટી સહજાનંદ સ્કુલ સામે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૨/૨૦૨૩ કલાક ૧૨/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં લોખંડના હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી લક્ષ્મણભાઇ બાબુભાઇ ચલાવે છે.

**દાણીલીમડાઃ** રફીકભાઇ મુન્નાભાઇ શેખ (ઉ.વ.૩૦) (રહે. અલમિનાક રો-હાઉસ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૨/૨૦૨૩ કલાક ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે શેડમાં લોખંડના પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે એલ.જી.હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી સોહાબખાન અજીજખાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી